# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "A" by NAAC(3rd Cycle)

જોડાણ વિભાગ ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ / ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭
ઈ-મેઈલ : affilition@sauuni.ac.in


નં.જોડાણ/૯/૧૮૩૨/૨૦૨૧ તા. ૬/૨/૨૦૨૧

વિષય:- કુલસચિવ સમક્ષ રાજીનામા પત્રમાં સહી થવા બાબત
સંદર્ભ:- (૧) અત્રેની યુનિવર્સીટીના તા.૩/૫/૨૦૧૯ ના પરિપત્ર નં.જોડાણ/૬/૨૨૪/૨૦૧૯
(૨) સિન્ડીકેટ તા.૫/૧૧/૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક-૧૨ નો સંદર્ભ ભાગ

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે ગુજરાત એજ્યુકેશનલ ઇન્સ્ટિટયૂસન્સ સર્વિસીઝ ટ્રિબ્યુનલ એકટ-૨૦૧૩ અમલમાં આવતા અધિનિયમ અનુસાર કુલસચિવ સમક્ષ રાજીનામુ આપવાની જોગવાઈ ના હોય જેથી સંલગ્ન કોલેજો/માન્ય સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફએ રાજીનામુ આપવાનું થતું હોય અથવા ફરજ મુક્ત થવાનું હોય ત્યારે કુલસચિવ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે નહી, તેવી જાણ સંદર્ભ-૧ પરના પરિપત્રથી કરવામાં આવેલ હતી.

સિન્ડીકેટ તા.૫/૧૧/૨૦૨૦ ની સભાના ઠરાવ નં-૧૨ ના સંદર્ભ ભાગથી શૈક્ષણિક સ્ટાફના રાજીનામા સંદર્ભે નીચે મુજબ નીતિ નીયત થયેલ છે. ઠરાવનો સંદર્ભ ભાગ નીચે મુજબ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે માન્ય સંસ્થામાં અધ્યાપક તરીકે નિમણુંક મળેલ હોય, માન્યતા પ્રાપ્ત અધ્યાપક હોય તેમજ અન્ય સંસ્થામાંથી કુલસચિવ સમક્ષ રાજીનામુ આપેલ ન હોય તો બીજી સંસ્થામાં અધ્યાપક તરીકે જોડાવા માટેની પૂર્વ મંજૂરી ન આપવી."

સંદર્ભ-૨ પર ની ઉપર્યુકત જોગવાઈ ધ્યાને લઈ સંદર્ભ-૧ પરનો પરિપત્ર આથી રદ કરવામાં આવે છે. જે મુજબ સંલગ્ન કોલેજ/માન્ય સંસ્થામાં ફરજ બજાવતા શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સ્ટાફએ સંસ્થામાંથી રાજીનામુ આપવાનું થતું હોય અથવા ફરજ મુક્ત થવાનું હોય ત્યારે કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ સમક્ષ ઉપસ્થિત થઈ કુલસચિવની હાજરીમાં રાજીનામા પત્ર પર સહી કરવાની રહશે જેના પર કુલસચિવ પ્રતિસહી કરશે. ત્યારબાદ રાજીનામા પત્ર સંબધિત મેનેજમેન્ટને શૈક્ષણિક સ્ટાફ ધ્વારા રજૂ કરવાનો રહશે. જો કોઈ શૈક્ષણિક સ્ટાફ રાજીનામા પત્રમાં કુલસચિવની ઉપસ્થિતિમાં સહી વગર રાજીનામુ આપશે તો તે અધ્યાપકને અન્ય સંસ્થામાં જોડાવા માટે શૈક્ષણિક માન્યતા આપવામાં આવશે નહિ, જેની સંબધિત સર્વેએ નોધ લેવી.

સહી/-
(ડૉ. જતીન સોની )
કુલસચિવ

(મુસદો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે.)

રવાના કર્યું
નાયબ કુલસચિવ
જોડાણ વિભાગ

પ્રતિ,
૧) સંલગ્ન કોલેજોના સર્વે આચાર્યશ્રીઓ
૨) માન્ય સંસ્થાઓના વડાઓ

**નકલ સાદર રવાના :-**
માન.કુલપતિશ્રી /માન.ઉપકુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-**
૧) પી.જી.ટી.આર. વિભાગ
૨) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધી અર્થે)